પદમલા પાસેથી બિશ્નોઈ ગેંગનો રૂ.71.68 લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

છાણી પોલીસે ગોડાઉન, કન્ટેનર તથા ટેમ્પામાંથી તપાસ કરતા હેલ્મેટના બોક્સની આડમાં દારૂ સંતાડી રાખેલો હતો

હિતેશ બિશ્નોઇ અને તેના સાગરીતોને વોન્ટેડ જાહેર કરાયાં,

(પ્રતિનિધિ) વડોદરા તા. 17

વડોદરા જિલ્લાના પદમલા ગામમાં જૈન મંદિર પાસેના ગોડાઉન તથા ગોડાઉનની બહાર ઉભેલા કન્ટેનરમાંથી છાણી પોલીસે રૂપિયા 71.68 લાખનાં વિદેશી દારૂ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. આ દારૂનો જથ્થો બિશ્નોઇ ગેંગનો હતો પરંતુ ગેંગના હિતેશ બિશ્નોઇ તથા તેના સાગરીતને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના પદલમા ગામ વિસ્તારમાં છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પીઆઈ આર.એલ. પ્રજાપતિની સુચના મુજબ પોલીસની ટીમ 16 જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે પેટ્રોલિંગની કામગીરી કરી રહી હતી અને વિસ્તારમાં આવતા ગોડાઉનોની તપાસ કરતી હતી. દરમિયાન બાતમી મળી હતી કે પદમલા ગામમાં જૈન મંદિરની બાજુમાં આવેલા પરાગ એસ્ટેટમાંના સનરાઇઝ એસ્ટેટ નામના તમાકુના ગોડાઉનમાં તથા ગોડાઉન આગળ ઊભેલા બંધ બોડીના કંટેનર તેમજ મિની ટેમ્પોમાં વિદેશી દારૂનો જથ્થો હેલ્મેટના બોકસની આડમાં સંતાડી રાખવામાં આવ્યો

છે.જેથી છાણી પોલીસની ટીમે બાતમીના આધારે ગોડાઉન પર પહોંચી ગોડાઉન, કન્ટેનર તથા ટેમ્પોમાં તપાસ કરી હતી ત્યારે તેમાંથી સેફ્ટી હેલ્મેટની બોક્સની પાછળ સંતાડેરી રાખીને વિદેશી દારૂની પેટી સંતાડી રાખી હતી. આ કાર્યવાહીમાં પોલીસે રૂપિયા 71.68 લાખના દારૂની 33,840 બોટલ તથા સેફ્ટી હેલ્મેટ રૂપિયા 49 હજાર મળી રૂપિયા 72.17 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પરથી ભારતસિંહ દીપસિંહ રાજપુત (રહે.હોથી ગામ, તા.થાના ચિતલવાના, જિ. ઝાલોર, રાજસ્થાન) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે બિશ્નોઇ ગેંગના હિતેષ બિશ્નોઇ (રહે.સેનદરી ગામ, તા. થાના-સેનદરી, જિ. બાડમેર, રાજસ્થાન) અને હિતેષ બિશ્નોઇના અન્ય એક સાગરિતને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ પણ મોટી માત્રામાં ગોડાઉનોમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. અહિયા ગોડાઉનમાં દારૂનો સ્ટોક કરીને બૂટલેગર અલગ અલગ જગ્યાં પર ડિલિવરી કરતા હોય છે.

ચાવી લઇ લેવા જેવી સામાન્ય બાબતે યુવકને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો

મકરપુરામાં યુવકની હત્યા કરનાર પિતા અને પુત્ર સહિતની ત્રિપુટી જેલ હવાલે

અન્ય આરોપીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હોય પોલીસના હાથમાં આવ્યા નથી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

મકરપુરા વિસ્તારમાં વાહનની ચાવી મુદ્દે ઝઘડો કર્યાં બાદ યુવકને મોત ઘાટ ઉતારીના ટોળા પૈકીના ત્રણ આરોપીઓની પોલીસે ધરપકડ કરી રિમાન્ડ પણ મેળવ્યાં હતા. દરમિયાન તેમના રિમાન્ડ પુરા થતા મેજિસ્ટ્રેટ દ્વારા ત્રણ આરોપીઓને વડોદરા સેન્ટ્રલ જેલમાં જ્યુડિશિયલ કસ્ટડીમાં સોંપવામા આવ્યાં છે. જ્યારે હત્યાના ગુનામાં સામેલ અન્ય આરોપીઓ જાણે ભૂગર્ભમાં ઉતરી ગયા હોય તેમ હજુ સુધી પોલીસની પકડમાં આવ્યા નથી.

શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા શિવશક્તિનગરમાં રહેતા અનુપભાઈ પટેલ પોતાના ભત્રીજા બર્થડેમાં હાજરી આપીને નોકરી પર જવા નીકળ્યાં હતા. ત્યારે રાહુલ યાદવ સાથે વાહનની ચાવી લેવા માટે ઝઘડો થયો હતો. જેમા રાહુલ યાદવનું ઉપરાણું લઈને તેના પિતા મનુ યાદવ, શુભાષ યાદવ સહિત અન્ય લોકો ભેગા થઈ ગયાં હતા અને અનુપભાઈ પટેલ પર લાકડીઓથી હુમલો કર્યાં બાદ તેમને ઉચરીને લોખંડી ગ્રીલ સાથે માથુ ભટકાવી તેમને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જેથી મકપુરા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને અનુપભાઈની હત્યા કરનાર રાહુલ, મનુ તથા સુભાષ યાદવ સહિતના ત્રિપુટીની ધરપકડ કરી લીધા બાદ તેમને કોર્ટમાં રજૂ કરીને સાત દિવસના રિમાન્ડની માગણી કરી હતી. ત્યારે કોર્ટ દ્વારા ત્રણ આરોપીઓના બે દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યાં હતા. રિમાન્ડ દરમિયાન મકરપુરા પોલીસ દ્વારા આરોપીઓને લઈને હત્યાના સ્થળ પર લઈ જવામાં આવ્યું હતું અને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. જોકે આ હત્યાના ગુનામાં અન્ય આરોપીઓ પણ સામેલ છે તેમને ઝડપી પાડવા માટે અલગ અલગ ટીમો બનાવીને શોધખોળ કરવામાં આવી રહી છે. મૃતકના પરિવારના સભ્યો દ્વારા આરોપીઓને ઓળખતા હોય પોલીસને તમામ હકીકતથી વાકેફ કરવામાં આવ્યા છે અને પોલીસ પણ અલગ અલગ ટીમો બનાવીને તેમની શોધખોળ કરી રહી છે. પરંતુ આરોપીઓ જાણે ભૂગર્ભમાં ઉતરી ગયા હોય તેમ પોલીસના હાથમાં હજુ સુધી આવ્યાં નથી. દરમિયાન રાહુલ યાદવ, મનુ યાદવ તથા સુભાષ યાદવના રિમાન્ડ પુરા થતા ફરી કોર્ટમાં રજૂ કરાયાં હતા. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા ત્રિપુટીને જ્યુડિશિયલ કસ્ટીડમાં મોકલી આપવા માટે હુકમ કરતા તેમને વડોદરા સેન્ટ્રલ જેલના સળિયા પાછળ ધકેલી દેવામા આવ્યાં છે.

વડોદરા શહેરમાં રફતારનો કહેર યથાવત

ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈ કાર, એરબેગ ન હોત તો મોટી દુર્ઘટના સર્જાત

વાઘોડિયા રોડ પર પલટી ખાયેલી કારનો અકસ્માત લાલબત્તી સમાન

(પ્રતિનિધિ), વડોદરા. તા.17

ઝડપનો આનંદ માણી લેતા પહેલા, ઘરે તમારી રાહ જોતા પરિવારનો ચહેરો યાદ કરી લેજો. વડોદરાના વ્યસ્ત ગણાતા વાઘોડિયા રોડ પર આજે સર્જાયેલો અકસ્માત આ વાતની યાદ અપાવી ગયો છે. ઋષિપાર્ક ચાર રસ્તા પાસે પૂરઝડપે દોડતી કાર ડિવાઈડર સાથે અથડાઈને પલટી મારી ગઈ હતી. સદનશીબે એરબેગના રક્ષણ કવચને કારણે જાનહાનિ ટળી છે, પરંતુ આ ઘટના દરેક વાહનચાલક માટે મોટી ચેતવણી છે. ઘટનાના પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, કારની ગતિ એટલી વધારે હતી કે ચાલકને બ્રેક મારવાનો સમય જ ન મળ્યો. કાર ધડાકાભેર ડિવાઈડર સાથે અથડાઈ અને પલટી ખાઈ ગઈ. એરબેગ્સ ખુલી જતાં ડ્રાઈવરનો જીવ તો બચી ગયો, પણ સવાલ એ છે કે શું આપણે હંમેશા આટલા નસીબદાર હોઈશું ? આ અકસ્માત આપણને શીખવે છે કે રસ્તા પર માત્ર આપણી જ નહીં, પણ બીજાની સુરક્ષા પણ આપણા હાથમાં છે. શહેરી વિસ્તારમાં નિર્ધારિત સ્પીડથી વધુ ઝડપે વાહન ચલાવવું એ અકસ્માતને સીધું નિમંત્રણ છે. આ ઘટનામાં એરબેગ ચાલક માટે જીવનદાન સાબિત થઈ. સુરક્ષા ફીચર્સ ધરાવતા વાહનો અને સીટબેલ્ટનો ઉપયોગ અનિવાર્ય છે. પલક ઝપકતા જ સ્થિતિ બદલાઈ શકે છે, અકસ્માત બાદ સ્થાનિક લોકોએ જે રીતે એકત્ર થઈને કાર સીધી કરવામાં અને ચાલકને બહાર કાઢવામાં મદદ કરી, તે સરાહનીય છે. અકસ્માતને કારણે થોડીવાર ટ્રાફિક જામ થયો હતો, પરંતુ આ ઘટનાએ લોકોમાં ગતિ મર્યાદા પ્રત્યે ચર્ચાઓ જગાવી છે. તમારી ઝડપ તમારા પરિવાર માટે જોખમ બની શકે છે.

સયાજીગંજ વિસ્તારમાં સાંજે દુર્ઘટના સર્જાતા લોકટોળાં ભેગા થયા

ડ્રાઈવરને ખેંચ આવતા બસ ધડાકાભેર ઝાડ સાથે ભટકાઈ, મોટી દુર્ઘટના થતા ટળી

કેબિનમાં ડ્રાઈવર ફસાતા કટર મશીનની મદદથી બહાર કાઢી સારવાર માટે ખસેડાયો

(પ્રતિનિધિ) વડોદરા,તા.17

વડોદરા શહેરમાં એક મોટી દુર્ઘટના થતા ટળી હતી. સીટી બસના ચાલકને ખેંચ આવતા બસ ધડાકાભેર યુનિવર્સિટી બહાર આવેલા એક ઝાડ સાથે ભટકાઈ હતી. સર્જાયેલા અકસ્માતમાં ડ્રાઈવર સ્ટેરિંગ નીચે ફસાઈ ગયો હતો. બનાવને પગલે તાત્કાલિક ઘટના સ્થળે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ મદદ માટે દોડી આવ્યા હતા. તેમજ ફાયર બ્રિગેડની મદદથી ચાલકને સહી સલામત રીતે બહાર કાઢી 108 મારફતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બીજી તરફ

બસમાં સવાર મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા.

સયાજીગંજ વિસ્તારમાં નમતી સાંજે એક મોટો અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી અનુસાર વડોદરા સ્ટેશનથી નીકળતી સર્ક્યુલર બસ રાબેતા મુજબ નીકળી હતી. દરમિયાન ચાલકને અચાનક ખેંચ આવતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બસ યુનિવર્સિટી બહાર આવેલા ઝાડ સાથે અથડાઈ હતી. જેના કારણે બસમાં સવાર મુસાફરોના જીવ અધ્ધર થઈ ગયા હતા. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકતુડા એકત્ર થઈ ગયા હતા. જ્યારે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પણ દોડી આવ્યા હતા. પ્રાથમિક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ બસમાં ફસાઈ ગયેલા ચાલકને બહાર કાઢવા પ્રયાસો કર્યા હતા. બીજી તરફ બનાવની જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કટર મશીનની મદદ વડે ડ્રાઈવર સાઈડનો દરવાજો કાપી સહી સલામત રીતે ડ્રાઈવર ધર્મેન્દ્ર ઝાલાને બહાર કાઢી 108 મારફતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. બસના કંડકટર શૈલેષ બામણીયાએ જણાવ્યું હતું કે, ડેરી ડેન પાસે ડ્રાઈવર સાઈડનો ગ્લાસ ભટકાયો એટલે મેં તરત કીધું કે શું થયું, બ્રેક મારો બ્રેક મારો પણ એનું કોઈ ધ્યાન રહ્યું નહીં અને ગાડી આ બાજુ આવી અને સીધી ભટકાઈ ગઈ એને ધ્યાન જ ન રહ્યું. બ્રેક ફેલ થઈ નથી, એને ખેંચ આવી હતી. બસમાં 10 જેટલા પેસેન્જર હતા. આ બસ સ્ટેશનથી સર્ક્યુલર જતી હતી. સર્ક્યુલર એટલે આખા વડોદરામાં ગોલ રાઉન્ડ મારતી હતી. પેસેન્જરને કશું વાગ્યું નથી, આ બસ સીધી અથડાઈ ઝાડ સાથે એટલે ડ્રાઈવર ધર્મેન્દ્ર ફસાઈ ગયો હતો. સદનશી બે સર્જાયેલા અકસ્માતમાં જાનહાની થતા ટળી હતી જેના કારણે તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

તારા કારણે મારા પતિ મને મારે છે કહી મહિલાને માર મારી કપડા ફાડી નાખ્યાં

કારેલીબાગ વિસ્તારમાં રહેતી મહિલાને આસપાસમાંથી ભેગા થયેલા લોકોએ બચાવી

(પ્રતિનિધિ) વડોદરા તા.17

કારેલીબાગ વિસ્તારમાં રહેતી મહિલાને અન્ય મહિલા ચાર લોકોએ ભેગા મળીને ઘરમાં ઘુસી તારા કારણે મારા પતિ મને માર મારે છે તેમ કહીને ઢોર માર માર્યો હતો. ત્યારબાદ મહિલાના વાળ ખેંચ્યા બાદ કપડા ફાડી નાખ્યાં હતા અને ધમકી આપી હતી. જેથી મહિલાએ ચાર લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં રેનબસેરા એકતાનગર ખાતે રહેતા મહિલાએ ફરિયાદ નોંધાવી છે કે ગત 15 જાન્યુઆરીના રોજ સવારના સાડા આઠેક વાગ્યાના સુમારે મારા ઘરમાં હાજર હતી. તે સમય દરમિયાન ઘરની પાછળ રહેતી રીનાબેન સંજય કહાર મારા ઘરે આવી હતી અને મને જણાવ્યું હતુ કે તારા કારણે મારો પતિ સંજય મને માર મારે છે તેમ જણાવી મારી સાથે ઝઘડો કરી બીભત્સ શબ્દો બોલવા લાગી હતી. ત્યારબાદ વધુ ઉશ્કેરાઈને મારા પહેરેલ કપડા ખેંચી ફાડી નાખ્યા હતા.

મને ગડદાપાટુનો માર મારવા લાગી હતી. તેનુ ઉપરાણુ લઈ તેની દિકરી તથા દીકરા મારા ઘરમાં આવી ગયા હતા અને તેઓ બધા ભેગા મળી મને માર મારી મારા માથાના વાળ ખેંચ્યા બાદ મને માર માર માર્યો હતો. તે સમયે મારી બન્ને દિકરી માણસો અને મહિલાઓ આવી વચ્ચે પડી મને વધુ મારમાંથી બચાવી હતી. જતા જતા આ મહિલાએ મને આ વખતે તો તુ બચી ગઈ પણ ફરી મળીશ તો તને વધુ માર મારીશ તેવી ધમકી આપી હતી. જેથી કારેલીબાગ પોલીસે મહિલા સહિત તેમના તેમના પુત્રો તથા પુત્રી સામે ગુનો દાખલ કર્યો છે.

વડોદરા પાલિકાની ઘોર બેદરકારી, કાર ફસાઈ

અટલાદરામાં પાણીની લાઈનના નબળા કામે 'ભ્રષ્ટાચારનો ભૂવો' ઊભો કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 17

સ્માર્ટ સિટી વડોદરામાં પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ અને તંત્રની લાપરવાહી ફરી એકવાર ખુલ્લી પડી છે. શહેરના વોર્ડ નં. 12માં આવેલ અટલાદરા ચેક પોસ્ટ પાસે, HDFC બેન્કની નજીક રસ્તા પર વિશાળ ભૂવો પડતા વાહનચાલકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. આ ભૂવામાં ફોર વ્હીલર કાર (નં. GJ 38 BB 9394)નું આગળનું ટાયર ફસાઈ જતાં મોટી દુર્ઘટના થતાં-થતાં ટળી હતી.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ થોડા સમય અગાઉ અહીં પાણીની લાઈનનું સમારકામ કરવામાં આવ્યું હતું, પરંતુ કામ પૂર્ણ થયા બાદ ખાડાનું યોગ્ય રીતે પૂરણ કરવામાં આવ્યું નહોતું. માત્ર દેખાડા પૂરતું કામ કરી દેવામાં આવતા જમીન બેસી ગઈ અને રસ્તો ધસી પડતા મોટો ભૂવો સર્જાયો હતો.



લોકોએ આક્ષેપ કર્યો છે કે, કામની નબળી ગુણવત્તા અંગે પાલિકા તંત્રને અગાઉથી અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. કોઈ મોટી દુર્ઘટના સર્જાશે તેવી ભીતિ પણ વ્યક્ત કરાઈ હતી, છતાં પાલિકાના અધિકારીઓ કે સંબંધિત કોન્ટ્રાક્ટરે સ્થળ મુલાકાત લેવાની તસ્દી લીધી નહોતી.

જો સમયસર યોગ્ય પૂરણ અને ગુણવત્તાવાળું કામ કરવામાં આવ્યું હોત, તો આજે વાહન ફસાવાની ઘટના ન બની હોત અને જાનહાનિનો ખતરો ઊભો ન થાત. શહેરમાં ઠેર-ઠેર પડતા ભૂવાઓ હવે પાલિકાની કામગીરી પર ગંભીર સવાલો ઉભા કરી રહ્યા છે. અટલાદરાની આ ઘટનાએ ફરી એકવાર પ્રશ્ન ઊભો કર્યો છે કે, શું આ માત્ર બેદરકારી છે કે પછી ભ્રષ્ટાચારનું પરિણામ?

દારૂની હેરાફેરી અટકાવવા વોચમાં ઉભેલા PSI પર બાઇક ચઢાવી દીધી

ઘોઘંબાના ખડપા ગામ પાસે બુટલેગર દ્વારા PSI પર જીવલેણ હુમલો કરાયો

પોલીસ અધિકારીને ગંભીર ઇજા પહોંચી : 1 લાખ દારૂ જપ્ત કરાયો

(પ્રતિનિધિ) ગોધરા તા.17

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ખડપા ગામ પાસે વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા વોચમાં ઉભેલા રાજગઢ પોલીસ મથકના PSI પર એક બુટલેગરે બાઇક ચઢાવી જીવલેણ હુમલો કર્યો હતો. રાજગઢ પોલીસ મથકના PSI એસ.એમ. ડામોર ખડપા ગામ પાસે શંકાસ્પદ વાહનોના ચેકિંગ માટે વોચમાં હતા. તે દરમિયાન મહેશ રાઠવા પોતાની બાઇક પર વિદેશી દારૂનો જથ્થો લઈને પસાર થઈ રહ્યો હતો. PSI ડામોરે તેને રોકવા માટે ઈશારો કરતા બુટલેગરે પોતાની બાઇક ઉભી

PSI એસ.એમ. ડામોર

બૂટલેગર મહેશ રાઠવા

રાખવાને બદલે PSI પર ચઢાવી દેતા પોલીસ અધિકારીને હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના પગલે તેમને તાત્કાલિક ગોધરાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

હુમલો કર્યા બાદ ભાગવાની ફિરાકમાં બુટલેગરે પણ બાઇક પરથી કાબૂ ગુમાવ્યો હતો અને તે ઝાડ સાથે અથડાતા તેને પણ ઈજાઓ પહોંચી હતી.જેથી પોલીસે તેની ધરપકડ કરી ગોધરા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો છે. પોલીસે ઘટનાસ્થળેથી તપાસ દરમિયાન બાઇક પરથી આશરે ૧ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા તેને જપ્ત કર્યો હતો. આ હિંસક ઘટનાને પગલે રાજગઢ પોલીસે બુટલેગર વિરુદ્ધ દારૂની હેરાફેરી તેમજ પોલીસ અધિકારીની હત્યાના પ્રયાસ અને ફરજમાં રૂકાવટ બદલ ગુનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી છે.

નકલી mParivahan એપ્લિકેશનની લિંકથી સાવધાન

રેડલાઈટ જમ્પના ખોટા ચલાનના નામે APK ફાઈલ મોકલી ઠગાઈ

https://mparivahan downloads.live/Apk નામની એક શંકાસ્પદ લિંક સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ્સ મારફતે વાયરલ થઈ રહી છે

(પ્રતિનિધિ) વડોદરા તા.17

આજના ડિજિટલ યુગમાં સરકારી સેવાઓ માટે મોબાઈલ એપ્લિકેશન્સનો વ્યાપક ઉપયોગ થાય છે. વાહન વ્યવહાર સંબંધિત માહિતી માટે ભારત સરકારની mParivahan એપ્લિકેશન લોકોમાં ખૂબ લોકપ્રિય છે. જોકે તાજેતરમાં https://mparivahandownloads.live/Apk નામની એક શંકાસ્પદ લિંક સોશિયલ મીડિયા અને મેસેજિંગ એપ્સ મારફતે વાયરલ થઈ રહી છે, જેમાં વપરાશકર્તાઓને રેડલાઈટ જમ્પ કરવા બદલ રૂ.1000નો દંડ ભરવાનો ખોટો

મેસેજ મોકલવામાં આવી રહ્યો છે.

મેસેજમાં દંડની માહિતી સાથે APK ફાઈલ ડાઉનલોડ કરવા માટે લિંક આપવામાં આવે છે. અગાઉ "RTO Chalan.apk" જેવી ફાઈલોનો ઉપયોગ થતો હતો, જ્યારે હવે સાઈબર ગઠિયાઓ લિંક મારફતે APK મોકલવાની નવી પદ્ધતિ અપનાવી રહ્યા છે. સાઈબર એક્સપર્ટ મયુર ભુસાવળકર દ્વારા કરાયેલા ફેક્ટ ચેકમાં જાણવા મળ્યું છે કે આ લિંક સંપૂર્ણપણે નકલી અને જોખમી છે.

ફેક્ટ ચેકમાં શું બહાર આવ્યું?

ફેક્ટ ચેક અનુસાર, આ વેબસાઈટનું ડોમેઈન ".live" છે, જે કોઈ પણ સરકારી વેબસાઈટમાં વપરાતું નથી. mParivahanની અધિકૃત એપ્લિકેશન ફક્ત Google Play Store અથવા Apple App Store પરથી જ ઉપલબ્ધ છે અને તેનું પેકેજ નામ com.nic.mparivahan છે. અધિકૃત વેબસાઈટ્સ parivahan.gov.in અથવા mparivahan.parivahan.gov.in છે. આ નકલી લિંક હાલમાં ડાઉન (સ્ટેટસ કોડ 503) છે, પરંતુ આવી લિંક્સ ફરી સક્રિય થઈ શકે છે.

આ લિંક કેમ જોખમી છે?

આ લિંક એક મલ્ટી-સ્ટેજ માલવેર કેમ્પેઇનનો ભાગ છે. APK ડાઉનલોડ થતાં જ મોબાઇલમાં વાયરસ ઇન્સ્ટોલ થઈ જાય છે, જે બેંકિંગ વિગતો, પાસવર્ડ, ફોટા, સંપર્કો ચોરી શકે છે તેમજ ફોનને રિમોટ રીતે હાઇજેક કરી શકે છે.

સુરક્ષિત રહેવા માટે શું કરશો?

- એપ્લિકેશન ફક્ત અધિકૃત એપ સ્ટોરમાંથી જ ડાઉનલોડ કરો
- ".gov.in" સિવાયની લિંક્સ પર વિશ્વાસ ન કરો
- મોબાઇલમાં અપડેટેડ એન્ટીવાયરસ રાખો
- કોઈ નુકસાન થયું હોય તો તરત 1930 સાઇબર ક્રાઇમ હેલ્પલાઇન પર ફરિયાદ કરો

– **મયુર ભુસાવળકર** (સાયબર એક્સપર્ટ)

ટ્રાફિક પોલીસ દ્વારા ઓવર સ્પીડ ચાલતા વાહનો સામે કાર્યવાહી

વધતા અકસ્માતને પગલે વાહનોની રફતાર પર કંટ્રોલ કરવા 'સ્પીડ ગન' ચલાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.17

શહેરમાં ઓવર સ્પીડના કારણે વધતા અકસ્માતોને ધ્યાનમાં રાખીને ટ્રાફિક પોલીસ દ્વારા સ્પીડ ગનથી રોડ પરથી પસાર થતાં વાહનોની ગતિ ક્ષમતા ચકાસવામાં આવી રહી છે. જો ટ્રાફિક પોલીસે નક્કી કરેલી ગતિ ક્ષમતા કરતા વધારે સ્પીડમાં વાહન દોડાવતા હશે તો તેમના કાર્યવાહી કરાશે. સ્પીડ ગનમાં કેદ થયેલા વાહનના રજીસ્ટ્રેશન નંબરના આધારે ચાલકને ઈ-ચલણ ફટકારાશે.

વડોદરા શહેરમાં ગત વર્ષે અકસ્માતની ઘટના અનેક બની હતી અને નવા વર્ષ 2026ના પ્રારંભ સાથે અકસ્માતનો સિલસિલો યથાવત રહ્યો હતો. જેમાં મોટાભાગે ઓવર સ્પીડમા વાહન ચાલવાના કારણે જ એક્સિડન્ટ થયા હોવાનું બહાર આવ્યું હતું. જેનાં કારણે પોલીસ કમિશ્નર દ્વારા અકસ્માતના બનાવો પર

અંકુશ મેળવવા માટે હાલમાં ટ્રાફિક પોલીસને કડક સૂચના આપી હતી.

જેનાં આધારે વાહનની રફતાર પર કંટ્રોલ મેળવવા માટે ટ્રાફિક પોલીસ એક્શનમા આવી ગઈ છે અને સ્પીડ ગન દ્વારા રોડ પરથી પસાર થતાં વાહનોની ગતિ ક્ષમતા માપવામાં આવી રહી છે. જો ટ્રાફિક પોલીસ દ્વારા નક્કી કરવામાં આવેલી ગતિ ક્ષમતા કરતા વધારે સ્પીડમાં વાહન દોડાવતા સ્પીડ ગનમાં કેદ થશે તો તેમના વિરુદ્ધ દંડનીય કાર્યવાહી કરાશે. બીજી તરફ જો સ્પીડ ગનમાં કેદ ચાલકને તેમના વાહનના રજીસ્ટ્રેશન નંબર પરથી સીધો ઈ ચલણનો મેસેજ મોબાઈલ પર સેન્ડ થઈ જશે.

ત્યારે હવે ટ્રાફિક પોલીસ દ્વારા ઓવર સ્પીડમા વાહન ચલાવતા ચાલકો પર કાર્યવાહી કરવામાં આવતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.